# વાઈબ્રન્ટ ગુજરાત સમિટ અંગે દિલ્હીમાં યોજાયો મુખ્યમંત્રીનો રોડ-શો

## વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૧૯ની વિશેષતાઓ ઉદ્યોગ વેપાર વિશ્વના અગ્રણી સંચાલકો સમક્ષ ઉજાગર કરતા વિજયભાઈ રૂપાણી

ગાંધીનગર, તા. ૧૬

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ નવી દિલ્હીમાં ઉદ્યોગ વેપાર વિશ્વના અગ્રણી સંચાલકો સમક્ષ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૧૯ની વિશેષતાઓ ઉજાગર કરતા સ્પષ્ટપણે જણાવ્યું કે 'શેપિંગ અ ન્યૂ ઈન્ડિયા'ની થીમ સાથે આ વાઈબ્રન્ટ સમિટ દ્વારા ગુજરાત ન્યૂ ઈન્ડિયાની નીંવ મૂકશે, એટલું જ નહીં ન્યૂ ઈન્ડિયાના નિર્માણનું નેતૃત્વ પણ કરશે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે ગુજરાતમાં હવે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસથી એક ડગલું આગળ વધીને ફીલ ઓફ ડુઈંગ બિઝનેસનું વાતાવરણ બન્યું છે.

મુખ્યમંત્રીએ આગામી તા. ૧૮ થી ૨૦ જાન્યુઆરી ૨૦૧૯ દરમિયાન યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની નવમી કડી પૂર્વે નવી દિલ્હીમાં ઉદ્યોગ વેપાર જગત સમક્ષ કર્ટેન રેઈઝર દ્વારા આ સમિટના વિવિધ પહલુઓને ઉજાગર કર્યા હતાં.

વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે પાછલા બે વર્ષમાં એટલે કે આઠમી સમિટ ૨૦૧૭માં યોજાઈ ત્યારથી આગામી સમિટ સુધીમાં ગુજરાતે અનેક ક્ષેત્રોમાં દેશ અને દુનિયામાં અગ્રગણ્ય સ્થાન મેળવ્યું છે.

ગુજરાતીઓની ઉદ્યમશિલતા, રાજ્યમાં ઈમાનદારીયુક્ત શાસન, ડાયનેમિક પોલિસીઝ તથા સમર્પિત નેતૃત્વ અને સમાજની શાંતિપ્રિયતાના કારણે આ સંભવ બન્યું છે, એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે હવે આપણે ગુજરાતને ન્યૂ ઈન્ડિયાના નિર્માણમાં અગ્રેસર બનાવવું છે અને ગુજરાતનું આગવું વિકાસ દર્શન આ સમિટમાં ગુજરાત' સ્પ્રિન્ટ ટુ ૨૦૦૨થી વિશ્વને કરાવીશું.




તેમણે ઉમેર્યું કે ગુજરાતમાં ગિફ્ટ સિટી, રો-રો ફેરી સર્વિસ, ધોલેરા એસ.આઈ.આર જેવી વિશ્વ કક્ષાની સુવિધાઓ વિકસાવીને દુનિયાને આપણે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે કોઈ પણ રાજ્ય વર્લ્ડક્લાસ બનવા કેટલા સફળ સંભવ પ્રયાસ કરી શકે છે.

મુખ્યસચિવ ડો. જે. એન. સિંહે અગ્રણી ઉદ્યોગ-વેપાર સંચાલકોને આવકારતા કહ્યું કે આ વર્ષના પ્રથમ નવ મહિનામાં જ ૩૪૭ ઈન્વેસ્ટમેન્ટ પ્રપોઝલ ગુજરાતમાં આવી છે, જે દેશમાં સૌથી વધુ છે અને ગુજરાત આર્થિક વિકાસ તેમજ ઔદ્યોગિક અને સોશિયલ સેક્ટરના વિકાસમાં પણ અગ્રેસર છે, તેનું આ પ્રમાણ છે.

મુખ્યસચિવે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૧૯ એ વેલ્યૂ એડિશન અને બિઝનેસ ઈકો સિસ્ટમને પ્રમોટ કરવા સાથે જ ફોરવર્ડ-બેકવર્ડ લિંકેજને સક્ષમ બનાવશે અને એશિયાના દેશો સહિત વિશ્વમાં નેટર્વકિંગ-નોલેજ શેરિંગ અને બિઝનેસ પાર્ટનરશિપ માટેનું ગ્લોબલ પ્લેટફોર્મ બનાવશે, તેવો મત વ્યક્ત કર્યો હતો.

ડો. જે.એન. સિંહે જણાવ્યું કે રિટેલ અને હેન્ડિક્રાફ્ટ-હસ્તકલા કારીગરી સેક્ટરને પ્રમોટ કરવા અને વિશ્વબજાર આપવા એક પખવાડિયાનો શોપિંગ ફેસ્ટિવલ વાઈબ્રન્ટ સમિટ દરમિયાન યોજાશે.

ઉદ્યોગ સચિવ અને મુખ્યમંત્રીના અગ્રસચિવ મનોજકુમાર દાસે અગ્રણી ઉદ્યોગ અને કંપની સંચાલકો સમક્ષ વાયબ્રન્ટ સમિટની વિશદ રૂપરેખા આપતા વિસ્તૃત પ્રેઝન્ટેશન પ્રસ્તુત કરતા જણાવ્યું કે આ સમિટમાં માત્ર ઈન્વેસ્ટમેન્ટ જ નહીં ટ્રેડ એન્ડ કોમર્સ, સર્વિસ સેક્ટર, નેટર્વકિંગ, યુથ એમ્પાવરમેન્ટ, એક્સપોર્ટને પણ ફોકસ કરાશે.

# આગામી વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં નેધરલેન્ડ પાર્ટનર કન્ટ્રી



મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સાથે ગુજરાત સમિટ ૨૦૧૯ની પૂર્વ તૈયારીના ભાગરૂપે નવી દિલ્હી ખાતે વન ટુ વન બેઠક દરમિયાન નેધરલેન્ડના ભારત સ્થિત રાજદૂત શ્રીયુત માર્ટન વેન ડેન્ગ બર્ગે ગુજરાતમાં પોર્ટ લેન્ડ ડેવલપમેન્ટ તેમજ દહેજ પી.સી.પી.આઈ.આર.માં નેધરલેન્ડના ઉદ્યોગોના રોકાણ માટે ઉત્સુકતા દર્શાવી હતી.

વિજયભાઈ રૂપાણીએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૧૯ની પૂર્વ તૈયારી રૂપે આજે સવારથી જ નવી દિલ્હીમાં ગ્લોબલ બિઝનેસ લીડર્સ અને રાજદૂતો સાથે વન ટુ વન બેઠકનો પ્રારંભ કર્યો હતો.

હાલ નેધરલેન્ડની અગ્રણી કંપની રોયલ વોપાકે દહેજમાં રૂ. ૧૫૦૦ કરોડના રોકાણ સાથે જેટી નિર્માણના કરાર કર્યા છે અને તેના આધાર પર નેધરલેન્ડની અન્ય કંપનીઓને પણ ગુજરાતમાં રોકાણો માટે પ્રેરિત કરવાની બાબતે પણ તેમણે વિચાર વિમર્શ કર્યો હતો. મુખ્યમંત્રીએ આગામી વાયબ્રન્ટ ગુજરાત સમિટમાં નેધરલેન્ડનું હાઈપાવર ડેલિગેશન સહભાગી થાય તે માટે આમંત્રણ પાઠવ્યું હતું. નેધરલેન્ડ આ વર્ષના વાયબ્રન્ટનું પાર્ટનર કન્ટ્રી છે તે સન્દર્ભમાં પણ વન ટુ વન બેઠકમાં વિચાર વિમર્શ થયો હતો.

વિજયભાઈ રૂપાણીએ ખાસ કરીને ગુજરાતમાં હાલ કાર્યરત નેધરલેન્ડના ઉદ્યોગકારોને મળી રહેલી સવલતો અને સરકારના પ્રોત્સાહન અંગેની ફળદાયી ચર્ચાઓ કરી હતી.



ગાંધીનગર શહેરના ડે. મેયર નાઝાભાઈ ધાંધરે પોતાના વોર્ડ ખાતે ચાલી રહેલા માર્ગના કામની મુલાકાત લીધી હતી અને હાજર કર્મચારીઓને જરૂરી સુચન કર્યા હતા.

## કુડાસણ સરદાર ચોક ખાતે વિરાટ ધર્મસભા યોજાશે

ગાંધીનગર, તા.૧૬

વિશ્વ હિન્દુ પરિષદ ગાંધીનગર દ્વારા રામજન્મ ભૂમિ મંદિર નિર્માણ માટે વિરાટ ધર્મસભાનું આયોજન આગામી તા. ૨ ડિસેમ્બર ૨૦૧૮ને રવિવાર સાંજે ૫ કલાકે સરદાર ચોક, શ્રીફલ હાઈટ્સની બાજુમાં કુડાસણ ખાતે યોજાશે. આ વિરાટ ધર્મસભામાં મુખ્ય વકતા તરીકે ગોપાલજી ક્ષેત્ર સંગઠન મંત્રી (ગુજરાત, રાજસ્થાન),વિશ્વ હિન્દુ પરિષદ તેમજ અન્ય સંતગણ હાજર રહેશે.

ગાંધીનગર શહેરની સૌ ધર્મપ્રેમી જનતાને વિશ્વ હિન્દુ પરિષદ ગાંધીનગર દ્વારા આહ્વાન કરવામાં આવ્યું છે કે ભગવાન શ્રી રામનું ભવ્ય રામ મંદિર અયોધ્યામાં નિર્માણ કરવા માટે સહયોગ આપવા અને પુણ્યના ભાગીદાર બનવા અને વિરાટ ધર્મસભામાં પધારી સભાને સફળ બનાવવા માટે ખુબ મોટીસંખ્યામાં રામભકતોએ ઉપસ્થિત રહેવા અનુરોધ કર્યો છે.

# સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડિયાને રેલવે નેટવર્ક સાથે સાંકળી લેવાશે

## ગાંધીનગર કેપિટલ રેલ્વે સ્ટેશન અને નિર્માણાધીન ફાઈવસ્ટાર હોટલ સહિત મોડેલ રેલ્વે સ્ટેશનની કામગીરી વર્ષ-૨૦૧૯માં પૂર્ણ કરાશે

ગાંધીનગર, તા. ૧૬

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ વાઈબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૧૯ની પૂર્વ તૈયારીના ભાગરૂપે રેલ્વે બોર્ડના ચેરમેન અશ્વિની લોહાની સાથે વન ટુ વન બેઠક યોજીને ગુજરાતના છ જેટલા મહત્વપૂર્ણ રેલવે પ્રોજેક્ટ અંગે ચર્ચા વિચારણા અને નિર્ણયો કર્યા હતાં.

આ મહત્વપૂર્ણ નિર્ણયો મુજબ સરદાર સાહેબની વિરાટ પ્રતિમા-સ્ટેચ્યૂ ઓફ યુનિટીના સ્થળ કેવડીયા સુધી રેલવે લાઈન નાખવાની કામગીરી ઝડપી બનાવાશે.

ગરુડ યોજના અન્વયે આગામી વર્ષ-૨૦૧૯માં ગાંધીનગર કેપિટલ રેલ્વે સ્ટેશન અને ત્યાં નિર્માણ પામી રહેલ ફાઈવસ્ટાર હોટલ સહિત મોડેલ રેલ્વે સ્ટેશનની કામગીરી પૂર્ણ કરાશે.

બુલેટ ટ્રેન પ્રોજેક્ટ તેમજ ડી.એમ.આઈ.સી. પ્રોજેક્ટ ઝડપથી પૂર્ણ કરવામાં આવશે.

આ બેઠકમાં લેવાયેલ નિર્ણય અનુસાર વડોદરામાં દેશની સૌ પ્રથમ રેલ્વે યુનિવર્સિટી માટે નવું મકાન-જમીન વગેરે કાર્યોમાં ગતિ લાવવા સરકાર અને રેલવે બોર્ડ સાથે મળી કામ કરશે.

નવી દિલ્હી ખાતેની બેઠકોની શ્રૃંખલાઓ દરમિયાન મુખ્યસચિવ ડો. જે.એન. સિંઘ, મુખ્યમંત્રીના મુખ્ય અગ્રસચિવ કે. કૈલાસનાથન, નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવ અરવિંદ અગ્રવાલ, મુખ્યમંત્રીના અગ્રસચિવ એમ. કે. દાસ તેમજ ઉદ્યોગ, પ્રવાસન, ધોલેરા એસઆઈઆર વગેરેના વરિષ્ઠ સચિવો જોડાયા હતાં.

## ભાખરા ગામે જમીન બાબતે ઝગડો થતા એકને ઈજા

વિજયનગર તાલુકાના ભાખરા ગામે પાંચ દિવસ અગાઉ જમીન બાબતે ઝગડામાં એક શખ્સે એક ઈસમ સાથે ઝગડો કરી કુહાડીથી ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ મંગળવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે ભાખરા ગામના કમુબેન નાનજીભાઈ અસારીએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૧૦ નવેમ્બરના રોજ તેમણે ગામના કિરીટભાઈ રાજુભાઈ અસારી સાથે જમીન બાબતે ઝગડો થયો હતો. જેમાં કિરીટભાઈ અસારીએ ઉશ્કેરાઈ જઈ કમુબેનને ગાળો બોલી કુહાડીનું મુદ્દલ મારી ગડદાપાટુનો માર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી કમુબેન અસારીએ કિરીટભાઈ વિરૂદ્ધ મંગળવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

## હિંગટીયામાં વાહન પાર્કિંગના પ્રશ્ને ઝગડો થતા ચાર સામે ફરીયાદ

ખેડબ્રહ્મા તાલુકાના હિંગટીયા ગામે મંગળવારે રસ્તા પર મુકેલી જીપનો મુદ્દો બનાવી ચાર જણાએ ઝગડો કરી બે જણાને માર મારી ઈજા પહોંચાડ્યાની ફરીયાદ ખેરોજ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.

આ અંગે પેજાબેન બકાભાઈ પારધીએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ મંગળવારે ગામના અમીતભાઈ દલજીભાઈ પારધી, રમેશભાઈ અણદાભાઈ પારધી, મહેન્દ્રભાઈ અણદાભાઈ પારધી અને અણદાભાઈ નેતાભાઈ પારધીએ રોડ વચ્ચે જીપ મુકી હતી. જેથી તેજાબેનના પતિએ જીપ બાજુ પર મુકવાનુ કહેતા ચારેય જણાએ ઉશ્કેરાઈ જઈ તેજાબેનના પતિ પર હુમલો કર્યો હતો તથા ઉશ્કેરાયેલા આ લોકોએ તેજાબેન અને નિકુલને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જેથી તેજાબેને ચારેય જણા વિરૂદ્ધ ખેરોજ પોલીસ સ્ટેશનમાંફરીયાદ નોંધાવી હતી.

# ભારતીય જનતા પાર્ટી અરવલ્લી જિલ્લાનો સ્નેહમીલન કાર્યક્રમ મોડાસા ખાતે યોજાયો

મોડાસા, તા. ૧૬

અરવલ્લી જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા નવા વર્ષની શુભેચ્છાઓની આપલે માટે સ્નેહ સંમેલન પ્રસંગે પ્રદેશ મહામંત્રી




ભીખુભાઈ દલસાણીયા, કે. સી. પટેલ, પ્રદેશ પ્રવક્તા ભરતભાઈ પંડયા, અરવલ્લી જિલ્લાના પ્રભારી અને ગુજરાત સરકારના વન અને આદિજાતિ રાજ્યકક્ષાના મંત્રી રમણભાઈ પાટકાર, જિલ્લા ભાજપા પ્રમુખ રણવીરસિંહ ડાભી, સાબરકાંઠા-અરવલ્લી સાંસદ દીપસિંહ રાઠોડ, સાબરડેરી કસ્ટોડીયલ સમિતિ અધ્યક્ષ જેઠાભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, શ્રીમતિ ભીખીબેન પરમાર, ભીલોડા વિધાનસભા આગેવાન અને પૂર્વ આઈપીએસ પી.સી.બરંડા, બાયડ વિધાનસભા આગેવાન અદેસિંહ ચૌહાણ, મોડાસા વિધાનસભા આગેવાન ભીખુસિંહ પરમાર, પ્રદેશ કારોબારી સભ્ય લોકસભા સીટ સહ ઈન્ચાર્જ કનુભાઈ પટેલ, મોડાસા નગરપાલિકા પ્રમુખ સુભાષભાઈ શાહ, ધનસુરા રામજી મંદિર મહંત પૂરણ શરણદાસ મહરાજ, મહિસાગર જિલ્લા વિસ્તારક રજનીકાન્તભાઈ પટેલ સુનીલભાઈ પટેલ, મંચસ્થ ઉપસ્થીત રહ્યા.

આ પ્રસંગે મંચસ્થ મહાનુભાઓ ધ્વારા નવા વર્ષની શુભકામના પાઠવતા આવનાર નવુ વર્ષ પ્રત્યેક કાર્યકર્તાને શુભદાયી ફળદાયી નિવડે તેવી શુભકામના પાઠવતાં ભારતીય જનતા પાર્ટીના બુથ મજબુત કરવા રાષ્ટ્રવાદને વરેલા કાર્યકર્તાને આહવાન કરતાં સર્વેને નૂતનવર્ષની શુભકામના પાઠવવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમ સંચાલન અરવલ્લી જિલ્લા મહામંત્રી શામળભાઈ પટેલ, એસ.એમ. ખાંટ, ધિમંતભાઈ પટેલ ધ્વારા કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમમાં અરવલ્લી જિલ્લાના સંઘઠનના ઉપ પ્રમુખ અતુલ બ્રહ્મભટ્ટ, મહેશભાઈ પટેલ, કાર્યાલય મંત્રી દિપક પટેલ, આઈટી શેલ ઈન્ચાર્જ નીતિન પંડ્યા, મીડિયા ઈન્ચાર્જ પ્રભુદાસ પટેલ, એસટી શેલના નીલાબેન મોડિયા, અમૃત બરંડા, બક્ષી શેલ હીરાજી ડામોર, ભીખાભાઈ ડામોર સહિતના કાર્યકરો સહભાગી અને બહોળી સંખ્યામાં ઉપસ્થીત રહી પ્રત્યેક કાર્યકર્તાની મહેનતથી સફળ બનાવ્યો હતો.

## ગાજા ચક્રવાત

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગયા છે. વાવાઝોડાના પરિણામ સ્વરુપે મીઠાના ઉત્પાદનને પણ માઠી અસર થઈ છે. આને લઈને મુખ્યમંત્રી પલાનીસામીએ કહ્યું છે કે, ૯૦૦૦૦ લોકોને ૪૭૧ સરકારી રાહત કેમ્પોમાં પહોંચાડવામાં આવ્યા છે. તોફાનગ્રસ્ત વિસ્તારોમાં જવાની યોજના પણ મુખ્યમંત્રી બનાવી રહ્યા છે. ગાજાના પરિણામ સ્વરુપે મોટી સંખ્યામાં લોકોના મોત પણ થઈ ચુકયા છે. વહીવટીતંત્ર દ્વારા નુકસાનની ખાતરી કરવામાં આવી રહી છે. ગાજાના લીધે નાગાપટ્ટીનમ જિલ્લામાં સૌથી વધારે નુકસાન થયું છે. સ્થિતિને ધ્યાનમાં લઈને રામનાથપુરમ અને તુતીકોરિનમાં માછીમારોને દરિયાથી દૂર રહેવા માટે કહેવામાં આવ્યું છે.

રાજ્ય સરકારે જાહેરાત કરી છે કે, મૃતકોના પરિવારને ૧૦-૧૦ લાખ રૂપિયા આપવામાં આવશે જ્યારે ગંભીરરીતે ઘાયલ થયેલાઓને એક-એક લાખ રૂપિયા તથા ઓછા ઘાયલ લોકોને ૨૫ હજાર રૂપિયાની આર્થિક મદદ આપવામાં આવશે. સ્થિતિને સામાન્ય બનાવવાના સરકાર દ્વારા પ્રયાસ થઈ રહ્યા છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરાઈ છે. તમિળનાડુમાં એનડીઆરએફની નવ અને પુડુચેરીમાં બે ટીમોને પહેલાથી જ એલર્ટ પર રાખવામાં આવી હતી.



## અરવલ્લી જિલ્લાના તમામ નાફેડ કેન્દ્રો પર મગફળીની ખરીદી આરંભાઈ

સરકાર દ્વારા ખેડૂતોએ ઉપજ કરેલ મગફળીની ટેકાના ભાવે ગુરૂવારથી ખરીદ કરવાની જાહેરાત કરી હતી તે મુજબ સવારથી મગફળી ખરીદીનું રજીસ્ટ્રેશન કરાવેલ ખેડૂતો ટ્રેક્ટર ટેમ્પો વગેરે વાહનોમાં પોતે મગફળી લઈ મોડાસા એપીએમસી ખાતેના નાફેડ કેન્દ્ર ખાતે આવ્યા હતા. જોકે ટેકાના ભાવે મગફળી ભરવા માટે તંત્ર પાસે બારદાનની કોઈ વ્યવસ્થા ન હોવાના કારણે ખેડૂતોએ મોડાસા એપીએમસી ખાતે રાત્રીના મોડા સુધી ઉભા રહી વેચાણ કર્યું હતું. બીજા દિવસે ટેકાના ભાવે મગફળી ખરીદી શરૂ થતા ખેડૂતો પણ ખુશ ખુશાલ જોવા મળ્યા હતા. મોડાસા એપીએમસી કેન્દ્ર સહિતના વિવિધ નાફેડ કેન્દ્રોમાં રાબેતા મુજબ ખરીદી શરૂ થઈ ગઈ હતી જેમાં માલપુરમાં ૫૦૦૦ બરદાન, મેઘરજમાં ૩૬૦૦ બારદાન, ધનસુરામાં ૬૮૦૦ બારદાન, બાયડમાં ૧૧૨૦૦ બારદાન અને મોડાસા ૭૫૦૦ બારદાન અને ભિલોડા કેન્દ્ર પર ૮૦૦૦ બારદાન પહોંચાડી દેવામાં આવ્યા હતા. સરકારની જાહેરાતના પહેલા દિવસે બારદાનના અભાવે મુશ્કેલી સર્જાઈ હતી પરંતુ રાબેતા મુજબ ખરીદ કેન્દ્રો પર ખરીદી શરૂ થતાં વહીવટીતંત્રએ હાશકારો અનુભવ્યો હતો.

## જવાબ માગ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

કે, સીવીસી રિપોર્ટમાં આલોક વર્માને ક્લિનચીટ આપવામાં આવી છે. આ રિપોર્ટ પર બેંચે આલોક વર્મા પાસેથી જવાબની માંગ કરી છે. આલોક વર્માના વકીલની માંગ ઉપર સીલબંધ કવરમાં સુપ્રીમ કોર્ટે સીવીસીની રિપોર્ટની કોપી રાખી હતી. બીજી બાજુ વર્માને પણ સીલબંધ કવરમાં પોતાનો જવાબ આપવા માટે કહેવામાં આવ્યું છે. વર્માના જવાબ બાદ ચુકાદો આપવામાં આવશે. સીવીસી રિપોર્ટમાં વર્માને લઈને કેટલીક બાબતો સારી, કેટલીક સામાન્ય અને કેટલીક પ્રશ્નો ઉઠાવવાવાળી કરવામાં આવી છે. પ્રશ્નો ઉઠાવવાવાળી બાબતમાં તપાસની જરૂર છે. સીબીઆઈની ગરિમાને જાળવવા માટે સીલબંધ કવરમાં જવાબની માંગ કરવામાં આવી છે. આલોક વર્માને લઈને સીવીસી રિપોર્ટની નકલ રાકેશ અસ્થાનાના વકીલને સોંપવાનો ઈન્કાર કરી દેવામાં આવ્યો છે. અસ્થાના તરફથી ઉપસ્થિત થયેલા વકીલ મુકુલ રોહતાગીએ સીવીસીની કોપી માંગી હતી. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે પ્રશાંત ભૂષણના એનજીઓ કોમન કોઝને ફટકાર લગાવી હતી અને કહ્યું હતું કે, બિનજરૂરી પ્રશ્નો ઉઠાવવા યોગ્ય નથી. સુપ્રીમ કોર્ટે સુનાવણી દરમિયાન સીબીઆઈના વચગાળાના ચેરમેન નાગેશ્વર રાવ તરફથી કરવામાં આવેલી બદલીના આદેશો અને મોઈન કુરેશીના કેસમાં આરોપી હૈદરાબાદના કારોબારી સતિષ બાબુની અરજી ઉપર સુનાવણીનો ઈન્કાર કર્યો હતો. સીબીઆઈના ડિરેક્ટર આલોક વર્માને લઈને સીવીસીના રિપોર્ટના આધાર પર જવાબની માંગ કરવામાં આવી છે.

## મારી ભૂમિકા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભાજપનો પરાજય થવાની આગાહી કરતા વાઘેલાએ વધુમાં જણાવ્યું કે, ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપના વળતા પાણી દેખાઈ રહ્યા છે, જ્યારે ભાજપ સિવાયના અન્ય રાજકીય પક્ષો ૩૦૦ બેઠકો સાથે કેન્દ્રમાં સત્તા હાંસલ કરશે. લોકસભા ચૂંટણીમાં ભાજપને હરાવવા માટે પોતાનો મુખ્ય રોલ રહેશે. સમગ્ર દેશમાં પ્રવાસ કરી રહ્યો છું અને ભાજપ વિરોધી જે કોઈ પક્ષ લડતા હશે તેમને સાથ આપવા હું તૈયાર છું. કેન્દ્રની મોદી સરકાર તમામ મોરચે નિષ્ફળ હોવાનો ઉલ્લેખ કરતા વાઘેલાએ કહ્યું હતું કે સૌથી વધુ દુઃખી દેશના ખેડૂતો છે તેમને પોષણક્ષમ ભાવો ન મળતા આપઘાત કરી રહ્યા છે. જે ઘણી દુઃખદ બાબત છે. મેં ગઈકાલે ઈલેક્શન કમિશનને પત્ર લખ્યો છે, મેં લખ્યું છે કે જે ઈવીએમનો હેતુ જલ્દી મતદાન કરવાનો હતો. પરંતુ ઘણી સમસ્યાઓ સામે આવી છે. ઈવીએમમાં ટેમ્પરિંગ થાય છે એટલે ડેવલપ દેશોએ છોડી દીધા. આવનારી ચૂંટણીમાં પેપર બેલેટ લગાવવામાં આવે તો પેપરટ્રેલ બધાં બૂથ અને મશીન પર લગાવવામાં આવે જેથી મતદાર વેરીફાઈ કરી શકે અને મતદારને હાશ થાય કે એણે જ્યાં મત નાંખ્યો છે ત્યાં પડ્યો છે. લોકસભાનો કોઈ પણ વિસ્તાર કે પાર્ટી રિકાઉન્ટ માંગે તો પેપરટ્રેલની ગણતરી કરવી,જેથી લોકશાહી બચાવી શકાય. ઈલેક્શન કમિશન ઐતિહાસિક નિર્ણય લઈને સુપ્રીમ કોર્ટને આશ્વાસન આપે જેથી જરૂર લાગે એ જગ્યાએ પેપરટ્રેલનું કાઉન્ટ કરી શકાય અને પારદર્શિતા માટે મેં માંગણી કરી છે. જો દૂધના ફેટનો ભાવ આ રીતે ઘટતો રહેશે તો પ્રાઈવેટ સેક્ટર આવીને કો-ઓપરેટિવ સેક્ટરને ખતમ કરી નાંખશે,તેથી મારી સરકારને વિનંતી છે કે એમએસપી જાહેર કરે અને વ્હાઈટ રિવોલ્યુશનને બચાવે. ગુજરાતમાં ખેડૂત મરી રહ્યા છે, ગુજરાતમાં આશરે ૧૨ જેટલા ખેડૂતો આત્મહત્યા કરે છે, હું સરકારને વિનંતી કરું છું કે એમએસપી કરીને ખેડૂતને છેતરે નહીં. સરકાર જેવી કોઈ વસ્તુ નથી અને સમગ્ર તંત્ર ખતમ થઈ ગયું હોય એવું લાગે છે જેથી પહેલાંથી પર્ચેઝિંગ સિસ્ટમ ડેવલપ કરે. શંકરસિંહે લોકસભાની ચૂંટણીને લઈ ભાજપ વિરૂધ્ધની રણનીતિ અત્યારથી જ શરૂ કરી દીધી છે.

## દબાણ ટીમ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં દબાણ હટાવ ઝુંબેશ દરમિયાન છેલ્લા બે દિવસથી હોર્ડીંગ્સ તેમજ બેનર્સ પણ દુર કરવામાં આવી રહ્યા છે. જે દરમિયાન છેલ્લા બે દિવસમાં ૨૦૦ જેટલા હોર્ડીંગ્સ દુર કરાયા છે જયારે હવે સેકટરોમાં ફેન્સીંગના દબાણો દુર કરવા માટે પણ તંત્ર સક્રિય થયુ છે. શહેરના સેકટરોમાં કર્મચારીઓને ફાળવવામાં આવેલા રાહત દરના પ્લોટમાં પણ સ્થાનિકો દ્વારા મોટી ફેન્સીંગ તાંણી બાંધી દબાણ ઉભુ કરાયુ છે. જયારે નગરના વી આઈ પી સેકટરોમાં પણ ફેન્સીંગના બહાને અડધો અડધ જગ્યાને દબાણમાં આવરી લેવામાં આવી છે. ત્યારે તંત્ર દ્વારા આ ઠેકાણે પણ દબાણો દુર કરવા માટે યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.